**ડાયરેક્ટ ❤ સે**

સંબંધો માટેય
યર ઍન્ડીંગ
હોવું જોઈએ...
નફા-નુકસાનનો
તાળો મળે
તો
ખબર તો પડે
કયા સંબંધમાં
કેટલો નફો કર્યો
ને કેટલું નુકસાન !

**જન્મદિને વધામણી**



વિકાસ બી રાવલ
મો. ૯૮૨૪૧ ૨૪૪૦૪

# બીએસએફ દ્વારા દિવ્યાંગ બાળકોની પરોણાગત





ગાંધીનગર, તા. ૩૦
અમદાવાદ-ગાંધીનગરનાં ૯૦ જેટલાં દિવ્યાંગ બાળકો સાથે બીએસએફ, ગાંધીનગર દ્વારા ધૂળેટીની યાદગાર ઉજવણીની શાહી હજુ સુકાઈ નથી ત્યાં બીએસએફ દ્વારા ગાંધીનગર જિલ્લાનાં ૨૦૦ જેટલાં દિવ્યાંગ બાળકોને ભારત-પાકિસ્તાન સરહદ પર નોતરી એમની સ્નેહાળ પરોણાગત કરવામાં આવી હોવાના સમાચાર મળ્યા છે.


રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત આવરી લેવાયેલાં બાળકા ઉપરાંત મૂકબધિર શાળા ગાંધીનગર અને દહેગામ, નવજીવન સાર્વજનિક ઍજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગર ઉપરાંત મંથન સંસ્થા, હાજીપુરનાં બાળકો મળીને ગાંધીનગર જિલ્લાનાં ૨૦૦ જેટલાં દિવ્યાંગ બાળકો અને એમના પચીસ પ્રશિક્ષકો માટે અગ્ર સચિવ સુનયના તોમરની પ્રેરણાથી આ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બનાસકાંઠા જિલ્લાના સૂઈગામ તાલુકામાં સ્થિત નડાબેટ બીઍસઍફ કેમ્પ તથા ભારત-પાકિસ્તાન સીમાની મુલાકાત આ કાફલાએ લીધી હતી.

બીઍસઍફ દ્વારા વિશિષ્ટ બાળકોની પરોણાગત યાદગાર રીતે કરવામાં આવી હતી. મુક્ત મને અધિકારીઓએ વિશિષ્ટ બાળકો સાથે વાતચીત કરી હતી અને તેમના કાલાઘેલા સવાલોના સંતોષકારક ઉત્તરો પાઠવ્યા હતા. બીઍસઍફની વિશિષ્ટ પરેડ નિહાળવાનો લાભ પણ બાળકોને આપવામાં આવ્યો હતો, તો સામે પક્ષે બાળકોએ ત્રણ સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરીને જવાનોને સંમોહિત કરી દીધા હતા.

વિશિષ્ટ બાળકો પૈકી મૂક-બધિર બાળકોને રાષ્ટ્રીય માધ્યમિક સિક્ષા અભિયાનના પ્રોજેક્ટ સંયોજક રાજેન્દ્ર પંડ્યા દ્વારા સાઈન લેંગ્વેજથી સમગ્ર કાર્યક્રમ દરમિયાન માહિતી આપવામાં આવી હતી.

અભિયાનના નિયામક જે કે ગઢવી, સંયુક્ત નિયામક ડી ઍસ પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ સમગ્ર કાર્યક્રમમાં આસી. સ્ટેટ પ્રૉજેક્ટ ડિરેક્ટર ઍમ ઍમ જાનીએ વિશિષ્ટ બાળકો, પ્રશિક્ષકોની આગેવાની કરી હતી. આઈડીઍસઍસના વિશિષ્ટ પ્રશિક્ષક જિજ્ઞેશ રાવલ અને વિશ્વાસ મિસ્ત્રીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન, વ્યવસ્થાપન કર્યું હતું.

## કલાગુર્જરી દ્વારા સુરીલા ગીતોનો કાર્યક્રમ સુનહરી યાદેં



કલાગુર્જરી સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ના અંતિમ કાર્યક્રમ તરીકે સુરીલા ગીતોનો કાર્યક્રમ 'સુનહરી યાદેં' પ્રસ્તુત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં સંસ્થાના પ્રમુખ ઍન પી પટેલે જણાવ્યું છે કે ફિલ્મી સંગીતના માધ્યમ દ્વારા અને પોતાના આગવા કંઠના કામણથી લોકહૈયાંમાં વર્ષો સુધી અનેરૂં સ્થાન અને લોકપ્રિયતા પ્રાપ્ત કરનાર સદાબહાર પાર્શ્વગાયક - તલત મહેમૂદ, હેમંત કુમાર અને કિશોર કુમારનાં ખૂબ જાણીતા એવાં ચૂંટેલાં ગીતોનો ગુલદસ્તો 'સુનહરી યાદેં' કાર્યક્રમ સ્વરૂપે સભ્યોને ભેટ આપવામાં આવી રહ્યો છે.

છેલ્લાં ૧૦ વર્ષથી ગાંધીનગરની કલાપ્રેમી જનતા સમક્ષ સમૃધ્ધ અને માણવાલાયક કાર્યક્રમો પ્રસ્તુત કરવા હંમેશાં પ્રયત્નશીલ કલાગુર્જરીનો ફિલ્મી સંગીતના સુવર્ણ યુગને જીવંત કરતો આ કાર્યક્રમ ગાંધીનગરના સંગીતપ્રેમીઓના માનીતા પાર્શ્વ ગાયક સુરોજીતત ગુહા અને આનલ વસાવડાના સુરીલા કંઠે રજૂ થશે. આ કાર્યક્રમનું રસદર્શન જાણીતા કલા મર્મજ્ઞ તુષાર જોષી કરાવશે.

કલાગુર્જરીના સભ્યો માટે આ કાર્યક્રમ તારીખ ૧ એપ્રિલના રોજ રાત્રે ૯.૩૧ કલાકે ટાઉન હૉલ, ગાંધીનગર ખાતે યોજાશે. સભ્યોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અને નવા વર્ષ માટેનું સભ્યપદ હૉલ પર જ મેળવી લેવા તેમણે સભ્યોને અનુરોધ કર્યો છે.

# અર્થિંગ સોસાયટી દ્વારા વિશ્વ રંગભૂમિ દિવસે બેડરૂમ બની રંગભૂમિ





વિશ્વ રંગભૂમિ દિન નિમિતે, બેડરૂમ થીયેટરનો પ્રારંભ કરતા ગાંધીનગરના થીયેટર થેરાપીસ્ટ અને સેપ્ટ યુનિવર્સીટીના વીઝીટીંગ ફેકલ્ટી એવા પ્રફુલ પંચાલ કહે છે કે, ''અમે એવું માનીએ છીએ કે થીયેટર એ માત્ર નાટકનો શો નથી પણ એની આગળ અને પાછળ કરવામાં આવતી પ્રોસેસમાં જીવવાની વાત છે. કારણકે એક વખત નાટકનો શો પત્યા પછી હાશ થાય છે, પણ આપણને એ નાટકની પહેલા થયેલી મેહનત અને મજા જ યાદ આવે છે.'' બેડરૂમ થીયેટરનું નામકરણ પણ બેડરૂમમાં આવતા વિચારોની ઉપજ છે અને બેડરૂમ થીયેટર નામ રાખવા પાછળ વિચાર એવો છે કે, બેડરૂમ જ એક એવો રૂમ છે, જેમાં માણસ કપડા સહીતના બધા જ આવરણો ઉતારીને એ પોતે જેવો છે એવો રેહવા માગે છે. જયારે ડ્રોઈંગરૂમમાં એને પતિ, પત્ની, પુત્ર અને યજમાન જેવા પત્રો ભજવવાના હોય છે. વિશ્વ રંગભૂમિ દિવસે, ધ અર્થિંગ સોસાયટી દ્વારા ફોટો એક્ષિબિશન કે, જેમાં વિશ્વના ૭ ભવ્ય થીયેટર અને ૧૪ ભારતીય થીયેટરના પ્રકારો તેમજ દુનિયાના અલગ અલગ પ્રકારના દુર્લભ થીયેટરોના ફોટોઝ અને નાટકમાં બનાવવામાં આવતી પ્રોપર્ટીઝને ચિરાગ પારેખ અને અનીલ રાઠોડ દ્વારા બખુબી રીતે સજાવવામાં આવી હતી તથા કલર શેડો પપેટ, કે જે ગુજરાત અને ભારતમાં બહુ ઓછી જગ્યાએ પર્ફોર્મ થાય છે. પ્રાણીઓના પાત્રો વડે સ્વચ્છતાની વાત કરતુ કલર શેડો પપેટનો શો નયન ભીલ દ્વારા બેડરૂમ થીયેટરમાં પેર્ફોર્મ કરવામાં આવ્યું. જેનો ગાંધીનગરના કલારસિકોએ લાભ લીધો. જેમ શોર્ટ ફિલ્મ બનાવી શકાય છે, એમ શોર્ટ પ્લે કેમ ના બનાવી શકાય ? નાટક ૨ કે ૩ મિનીટના કેમ ના હોઈ શકે? કોઈ વિચારની અભિવ્યક્તિ જો ૧ મિનીટ કે ૫ મિનીટમાં પણ થઈ જ શકે છે. આવા વિચાર સાથે ૫ જુદા જુદા શોર્ટ પ્લે બનાવીને, ''આલ્બમ'' પરફોર્મન્સ તૈયાર કરવામાં આવ્યું છે. આલ્બમ એ એક એવી વસ્તુ છે કે જેમાં આપણા જીવનના અલગ અલગ સંસ્મરણો સાચવીને રાખતા હોઈએ છીએ. એવીજ રીતે દુનિયામાં આપણી આસપાસ રહેતા અલગ અલગ પાત્રોને મઢીને પાંચ લઘુ નાટકોથી આલ્બમને બેડરૂમ થીયેટરમાં ખુલ્લો મુકાયો. બેડરૂમ થીયેટરના આ પ્રયાસને સફળ કરવા પાછળ વિશાલ ચૌહાણ, યશ ઠાકોર, રવિના વ્યાસ, આદિત્ય સોની, શુભમ બાલાપુરે, પરિધિ શેલત, રવિ પાટીલ, યાજ્ઞિક કુમાર, વિશાલ અલગોતર, લવ રાવત, આકાશ પંચાલ, મિલાપ ચૌધરી, નીલકંઠ વ્યાસ,પાર્થ, પ્રિયલ અને કેતન દ્વારા જેહમત ઉઠાવવામાં આવી હતી. નાટકના બધાજ કલાકારો અને કસબીઓને અર્થિંગ ગૃપ દ્વારા તુલસીના છોડ આપીને ભવિષ્યમાં એક મોટા વૃક્ષની આશા સાથે બેડરૂમ થીયેટરને રોપવામાં આવ્યું.

# બધાંને સુખી થવું છે એટલે જ દુખી થઈ રહ્યાં છે



**જીવન ઉપવન**
**મહેન્દ્ર એમ ત્રિવેદી**
mmtrivedi007@gmail.com

ઘણી બધી બાબતોના અર્થ અને મર્મ જીવનભર સાચા મળતા જ નથી. ગમે તેટલું ભણો, ગણો, ચણો પરંતુ જીવન પરત્વેની યોગ્ય સમજણ પ્રાપ્ત થાય નહીં ત્યાં સુધી એ બધું પામ્યા છતાં કોઈ શાંતિ કે સુખ કે સુંદર અનુભૂતિ પ્રાપ્ત થતી નથી. ગૃહસ્થોને ત્યાગાશ્રમ સારો લાગે છે તો ત્યાગીજનોને ભજનમાં અરૂચિ થતાં ગૃહસ્થાશ્રમ પસંદ થવા લાગે છે. સમય બધું માનવીને શીખવી જાય છે કે કાર્ય કરાવી જાય છે. ઉત્તમ ગુરુ કોઈ વિશ્વમાં હોય તો તે સમય જ છે. બીજી બાબત એ નોંધપાત્ર છે કે સુખ-દુખના ખ્યાલ સાપેક્ષ છે. સ્થળ, ઉંમર, કાળ વગેરેના પરિપ્રેક્ષ્યમાં જ સુખ યા દુખને તોલવામાં, જોવામાં કે મૂલવવામાં આવે છે. લોકો માટે, લોકો દ્વારા શાસન જે ઊભું થાય એ ઉમદા જ થાય તેવી અભિપ્સામાં ભારતનાં લોકોએ શહાદત વહોરી અને અર્ધી રાત્રે ભારતને આઝાદી મળી, પરદેશી શાસનકર્તા ભારતને ભારતના લોકોને હવાને કરીને જતા રહ્યા. બસ, પછીથી આપણે આજ સુધી વિવિધતામાં એકતા બનાવી રાખવા તથા ઐક્યથી અખંડતાની રફતારમાં સતત દોડ્યા કરીએ છીએ. છતાં ભારત સમૃદ્ધ કે શાંતિસભર થયું નથી.

સુખનો અહેસાસ પ્રથમ પસંદગી હરકોઈની છે, એમાં કશું ખોટું નથી. પરંતુ બધા લોકો સુખી જ હોય તેવું શક્ય નથી. બધા જ પ્રથમ નંબરે પાસ થાય તેવો ક્લાસ કદી જોયો નથી. બધા સાવ કંગાળ જ હોય તેવું પણ શક્ય નથી. ઈશ્વરની દુનિયાની વિવિધતા કુદરતી ઘટનાક્રમ છે, આટલી વસતીમાં કોઈપણ વ્યક્તિની હૂબહૂ બીજી વ્યક્તિ કદિ જોવા મળતી નથી એ કમાલ કરનાર ખુદ ઈશ્વર જ છે. પ્રાકૃતિક ઘટનાઓમાં કોઈનું ચાલતું નથી પણ માનવીય આયોજનો અને કાર્યોમાંથી જ બધું નહીં ગમતું પેદા થયા કરે છે, જેનાથી દુખદાયક ઘટનાઓ અટકતી નથી. વર્ણ વ્યવસ્થા, જાતિવાદ, વૈચારિક વિકૃતિ, ભેદભાવની દુનિયા જે રચવામાં આવી તેમાંથી જ પ્રશ્નો ઊભા થયેલા જોવા મળે છે.

લોકશાહી તો મળી, એને ચલાવી, દોડાવી પરંતુ તેનાં મૂલ્યો સાચવી શક્યા નથી. કારણ કે પ્રજા પાસે અનુશાસન નથી, નૈતિકતા નથી, કરૂણ દૃષ્ટિ નથી, ભાઈચારો નથી એટલે સુખનાં સમાન સ્વપ્નોમાં સૌ એકધારા આપત્તિઓને વધારી રહ્યા છીએ. ડિગ્રી મળી જાય એટલે યુવા ઉત્તમ નાગરિક બની જતો નથી. ત્યાગને ભોગવવાની સંસ્કારિતા લુપ્ત થઈ ગઈ છે, તેની જગ્યાએ બસ ભોગવી લો અને કોઈ વિઘ્નકર્તા બને તો નેસ્તનાબૂદ કરી નાખો એવી નીતિ અમલમાં આવી છે. પછી જેને આપણે ઝંખ્યું છે એવું સુખ ક્યાંથી મળે ? લોકશાહીની ઘોર ખોદી હોય તો જે આધારસ્તંભો મૂકેલા હતા તે હવે મહેલોમાં પરિવર્તિત થઈ ગયા છે. બાળક ચાલતા બરાબર ના શીખે ત્યાં સુધી જ ચાલનગાડી તેને આપવામાં આવે એ ડહાપણ કહેવાય, પરંતુ ભારતના તમામ શાસનકર્તાઓએ પોતાના ક્ષેત્રની ચિંતા જ કરી એટલે આજે સુખ સાતમા પાતાળે પહોંચી ગયું છે. જરા તપાસીએ તો ખ્યાલ આવશે કે આજે ધરતીપુત્રો સુખી નથી બલકે સવાલોથી ત્રસ્ત છે. આદિ જાતિ, જનજાતિ પણ સુખની વ્યાખ્યા શોધવામાં દોડ્યા કરે છે. આમ નાગરિકને જીવન એક બોજ બની ગયું છે. જેમાં તેને ઘરની એક આપ્તજનોની સલામતીની ચિંતા સતાવે છે. અપરાધીકરણ સતત વધતું જાય છેય. આ માટે જવાબદાર કોણ છે ? પ્રજા હવે તો પોતાના જ અંગોથી પીડિત થઈ રહી છે. છતાં કોઈ ફરિયાદ કરી શકતા નથી. શું આવી લોકશાહી હોય ? ઈન્સાનિયતને કોઈ રંગ સાથે નિસબત નથી હોતી. શ્વેત વસ્ત્ર કે ભગવા વસ્ત્ર કે લાલ વસ્ત્ર એ કશું દર્શાવતા નથી. કારણ કે માનવીના દિલોદિમાગમાં જ્યાં સુધી ગંદકી અને પાપ છુપાઈને રહેતા હશે ત્યાં સુધી વિશ્વાસ ડગતો જ રહેવાનો. ભગવાં પહેરવાથી ઉત્કૃષ્ટતા મળતી નથી અને વૈરાગ્ય વિના કોઈ ત્યાગ ટકતો નથી. બળાત્કાર કરનારાનાં કપડાં ગમે તે રંગનાં હોઈ શકે. હકીકત એ છે કે આપણે માનવ તરીકે જીવવામાં સદંતર નિષ્ફળ થયા છીએ.

ઉડીસાના કાલાહાંડીના દાના માજીને યાદ કરો કે જે પોતાની પત્નીનો મૃતદેહ પોતાના ખભે નાખીને લાંબા અંતરે ચાલતો જઈ રહ્યો હતો અને બાજુમાં તેની દીકરી ચાલી રહી હતી. આ દૃશ્ય ભારતના કોઈ વિસ્તારનું છે એ સ્વીકારતાં પણ શરમ આવવી જોઈએ !

માનવતા શર્મસાર થઈ જાય તેવી ઘટના બાદ પણ આપણી સંવેદના જાગતી નથી. રેલવે પ્લૅટફૉર્મ પર શબના ટૂકડા કરી ડોળીની જેમ આપ્તજનો મૃતકને ઊંચકી જાય તેવા કિસ્સામાં આપણી ધાર્મિકતા, ભાવના, ભાઈચારો ક્યાં જતો રહે છે ? સુખ અને દુખ એ જીવન સફરના વિવિધ વિરામ સ્થળો છે પણ એનું સાતત્ય કદિ હોઈ શકતું પણ નથી. અર્થાત સુખ બાદ દુખ કે દુખ પછી સુખ આવે જ એ શ્રદ્ધા પણ રહી નથી. રાહત, સબસિડી, મદદ જેવાં માનવીય ફંદાથી સમાજ વાસ્તવમાં સશક્ત થઈ શકે તેવું વિચારતો બંધ થયો છે. આરક્ષણના પૂરા પ્રકરણમાં પણ તટસ્થ રહીને આર્થિક પરિપ્રેક્ષ્યમાં ન્યાય આપવાની દિશામાં નહીં જઈએ ત્યાં સુધી બધાં જ કાર્યોથી આપત્તિ ટળવાની નથી.

સંસદમાં બેસતા જનપ્રતિનિધિ જે કોઈ કરોડપતિ છે તે ભારતના લોકો માટે કંઈક ત્યાગવા તૈયાર નથી એ પ્રશ્ન બહુ જ ચિંતાજનક છે. સામે પક્ષે આમ લોકોએ ગૅસ સબસિડી સ્વેચ્છાએ ત્યાગી છે. ભારતની મહાનતા ગીતોમાં, ચલચિત્રોમાં કે ટીવીમાં નથી, તે વાસ્તવમાં આપણા ચારિત્ર્યમાં છે.

**શેર આસ્વાદ**

હો ગઈ હૈ પીડ પરબત સી,
પીઘલની ચાહિયે,
ઈસ હિમાલય સે કોઈ ગંગા
નીકલની ચાહિયે.

(દુષ્યંતકુમાર)



## નહેરુ યુવા કેન્દ્ર દ્વારા જિલ્લાકક્ષાની સ્પોર્ટ્સ મીટ યોજવામાં આવી



નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા માણસા તાલુકાના ભીમપુરા અને લીંબોદ્રા ખાતે જિલ્લાકક્ષાની સ્પોર્ટ્સ મીટનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. યુવા વર્ગને રમતો પ્રત્યે પ્રોત્સાહિત કરવા લીંબોદ્રા ખાતે કુસ્તી, જુડો અને ખો-ખોની સ્પર્ધા યોજાઈ હતી. ભીમપુરા ખાતે કબડ્ડી અને વૉલીબૉલની સ્પર્ધા યોજવામાં આવી હતી. વૉલીબૉલમાં ભીમપુરા અને કબડ્ડીમાં લીંબોદરા હાઈસ્કૂલ વિજેતા બની હતી. મોટી સંખ્યામાં ખેલાડીઓ અને ગ્રામજનો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. ગ્રામ પંચાયતના સરપંચ અને નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાન્ત સુથારના હસ્તે વિજેતા ખેલાડીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

**વાચકોને આમંત્રણ**

**સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**